For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

આણંદ જિલ્લાના વાસદ ગામની બાળકીના રેપ-મર્ડર કેસના નરાધમનો હિસાબ ચૂકતે

આંકલાવ પાસે મધરાતે રેપિસ્ટ હણાયો

પોલીસ પર જીવલેણ હુમલો કરી ભાગવાનો પ્રયાસ કર્યો | PSIએ સ્વબચાવમાં પાંચ રાઉન્ડ ગોળીબાર કર્યો | બે પોલીસ કર્મચારી પણ ગંભીર રીતે ઘવાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.20 આણંદના વાસદ રેલ્વે સ્ટેશન પરથી રવિવારે અપહરણ કરાયેલી માસૂમ બાળકી પર દુષ્કર્મ ગુજારી તેની હત્યા કરનારા હેવાનિયતભર્યા કૃત આચરનારો સુરેશ પરમારનો આખરે અંત આવ્યો છે. આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચની ટીમે જ્યારે બોચાસણથી સુરેશને દબોચીને જઈ રહી હતી, ત્યારે આંકલાવ પાસે તેણે પોલીસ પર જ હુમલો કરી ફરાર થવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. મધરાતે સર્જાયેલા આ હાઈવોલ્ટેજ ડ્રામા અને ફાયરિંગમાં ગંભીર રીતે ઘવાયેલા સુરેશનું કરમસદ હોસ્પિટલમાં મોત નીપજ્યું છે, જ્યારે હુમલામાં બે પોલીસ જવાનો પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાની વિગતો મુજબ, વાસદ રેલ્વે સ્ટેશન પરથી ૧૯મી જુલાઈના રોજ બાળકીના અપહરણ બાદ સમગ્ર પોલીસ તંત્ર દોડતું થયું હતું. જેમાં બાળકનો મૃતદેહ રેલવે ટ્રેક પરથી મળી આવ્યો હતો. આ મૃતદેહની હાલત જોઇ કાળજું કંપી જાય તેવી હતી. આખરે પોલીસે આ નરાધમને પકડી પાડવા રેલવે પોલીસ તથા આણંદ જિલ્લા પોલીસે વિવિધ ટીમ બનાવી હતી. જેમાં સીસીટીવી ફૂટેજના આધારે આરોપી સુરેશ વિઠ્ઠલ પરમાર (ઉ.વ.30, રહે. બાંધણી)ની ઓળખ કરી તેને બોચાસણથી ડિટેઈન કરવામાં આવ્યો હતો. રાત્રે આશરે ૨૩:૧૫ કલાકે પોલીસ તેને લઈને જઈ રહી હતી ત્યારે આસોદર ચોકડીથી કંથારીયા રેલવે બ્રિજ વચ્ચે નશાની હાલતમાં રહેલા સુરેશે ઉલટી (વોમિટ) થતી હોવાનું બહાનું કાઢ્યું હતું. જેવું વાહન રોકી તેને નીચે ઉતારવામાં આવ્યો, કે તુરંત જ તેણે પોતાની પાસે છુપાવેલા તીક્ષ્ણ હથિયાર વડે પોલીસ કર્મચારીઓ રાજવીરસિંહ ચૌહાણ અને મહિપાલસિંહ રાઠોડ પર જીવલેણ હુમલો કરી દીધો હતો. હજુ પોલીસ ટીમ કંઇ સમજે તે પહેલા સુરેશે એટલી હદે હિંસક વલણ અપનાવ્યું હતું કે તેણે પોલીસ સબ ઇન્સ્પેક્ટર આઈ. જે. રાણા પર પણ હુમલો કરવાનો પ્રયત્ન કર્યો હતો.

પરિસ્થિતિ કાબૂ બહાર જતી જોઈ અને પોતાના સ્ટાફના બચાવમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર આઈ.જે. રાણાએ સરકારી પિસ્તોલમાંથી એક પછી એક પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગમાં ગોળી વાગવાથી લોહીલુહાણ થયેલા સુરેશને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. હાલમાં આંકલાવ પોલીસ સ્ટેશનમાં સુરેશ પરમાર વિરુદ્ધ હત્યાના પ્રયાસનો વધુ એક ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. આ એન્કાઉન્ટર બાદ પંથકમાં ચર્ચા જાગી છે કે નરાધમને તેના પાપની સજા કુદરતી ન્યાયના રૂપમાં મળી ગઈ છે.

સુરેશ વિઠ્ઠલ પરમાર

એન્કાઉન્ટરનું ઘટના સ્થળ

સુરેશ પરમાર એક ખતરનાક ગુનેગાર હતો

વર્ષ ૨૦૨૦: આણંદ રૂરલ વિસ્તારમાં એક મહિલા પર રેપ વિથ મર્ડરનો ગુનો નોંધાયો હતો, જેમાં પુરાવાના અભાવે ૨૦૨૫માં તે છૂટી ગયો હતો.

માર્ચ ૨૦૨૬: આણંદ રૂરલ વિસ્તારમાં ફરી એક મહિલાની રેપ વિથ મર્ડરની ઘટના બની હતી, જેમાં પોલીસને સુરેશ વિરુદ્ધ મજબૂત સંયોગિક પુરાવા મળ્યા હતા.

વાસદ ઘટના: તાજી ઘટનામાં માસૂમ બાળકીને શિકાર બનાવી તેણે હૈવાનિયતની તમામ હદો વટાવી દીધી હતી.

માત્ર 24 કલાકમાં જ સુરેશને સજા મળી ગઈ

૧૯ જુલાઈ: વાસદ સ્ટેશનથી બાળકીનું અપહરણ-હત્યા.

તપાસ: CCTVમાં આરોપી કેદ થતાં ઓળખ કરી દબોચ્યો.

રાત્રે ૧૧:૧૫: આંકલાવ પાસે પોલીસ પર હુમલો- વળતું ફાયરિંગ.

૨૦ જુલાઈ: સારવાર દરમિયાન આરોપીનું મોત અને બે પોલીસકર્મીઓ સારવાર હેઠળ.

ઈજાગ્રસ્ત પોલીસ જવાનો

યવતેશ્વરમાં લોખંડનો કાટમાળ રફેદફે કરી દેવામાં આવ્યો

ગણપતિજીની મૂર્તિઓ રઝળતી હાલતમાં મૂકી દેવાતા ભક્તોમાં નારાજગી ફેલાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20 વડોદરાના કાલાઘોડા નજીક યવતેશ્વર ખાતે ટ્રસ્ટની કરોડોની જમીન પર થયેલા કથિત દબાણોને દૂર કરવા કલેક્ટર દ્વારા બુલડોઝર ફેરવવામાં આવતા અનેક પરિવારો બેઘર બન્યા છે. છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી આ કાર્યવાહી આજે પણ યથાવત છે. વડોદરામાં વહીવટી તંત્ર દ્વારા દબાણો દૂર કરવાની કાર્યવાહી દરમિયાન મકાનોમાંથી નીકળેલું લોખંડ અને અન્ય સામાન લઈ જવામાં આવ્યો હતો. પરંતુ,દબાણ હેઠળ ભગવાનની મૂર્તિઓને રઝળતી હાલતમાં ખુલ્લામાં મૂકી દેવામાં આવી છે. જેમાં ગણપતિજીની મૂર્તિઓ સામેલ છે, જેને જોઈને સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. અસરગ્રસ્ત લોકોનું કહેવું છે કે તેમની પાસે જમીનના દસ્તાવેજો અને પ્રોપર્ટી કાર્ડ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નોટિસ કે વૈકલ્પિક વ્યવસ્થા આપ્યા વિના જ મકાનો તોડી પાડવામાં આવ્યા છે. બેઘર બનેલા પરિવારો અત્યારે પોતાનો સામાન એકત્ર કરવામાં જોતરાયા છે. તેમને રહેવા માટે અન્યત્ર કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. છેલ્લા 3 દિવસથી યવતેશ્વરમાં ચાલી રહેલી આ કામગીરીથી વિસ્તારના લોકોમાં તંત્રની કાર્યપદ્ધતિ સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

હાલ તંત્ર દ્વારા આગળની કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે, જ્યારે અસરગ્રસ્તો ન્યાયની માંગ કરી રહ્યા છે.

ભારતમાલા એક્સપ્રેસ-વે પર ટોલ પહેલા ટ્રક મૂકી ડ્રાઇવર ફરાર

ગ્રામ્ય LCBએ પીછો કરીને ટેમ્પોમાંથી રૂ.૬૯.૧૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.20 વડોદરા ગ્રામ્ય લોકલ ક્રાઇમ બ્રાન્ચે દિલ્હી-મુંબઈ ભારતમાલા એક્સપ્રેસ-વે પરથી આઈશરમાં ભરેલો રૂ.69.12 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. ચાલકે આઈસર નહીં ઉભો રાખતા પોલીસે પીછો કરતા ચાલક રસ્તા પર મૂકી ફરાર થઈ ગયો હતો. દારૂનો જથ્થો અને ટ્રક સહિત રૂ.84.19 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ટ્રક ચાલક, દારૂ સપ્લાય કરનાર અને મંગાવનાર આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે. વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક સંદીપ સિંહના માર્ગદર્શન અને વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલની સૂચના હેઠળ જિલ્લામાં ઓપરેશન પરાક્રમ ચલાવવામાં આવી રહ્યું છે. તે અંતર્ગત એલસીબીના પીઆઈ પી.જે. ખરસાણના માર્ગદર્શન હેઠળ ટીમ ગત 19 જુલાઈની સાંજે ભાદરવા પોલીસ મથક વિસ્તારમાં દિલ્હી-મુંબઈ ભારતમાલા એક્સપ્રેસ-વે પર પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ ભુપતભાઈ વિરમભાઈને બાતમી મળી હતી કે રાજસ્થાન નંબરની ટાટા આઈશર ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ભરૂચથી અમદાવાદ તરફ લઈ જવાઈ રહ્યો છે. બાતમીના આધારે દોડકા ગામની સીમમાં એક્સપ્રેસ-વે પર વોચ ગોઠવવામાં આવી હતી. શંકાસ્પદ ટ્રક દેખાતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ટ્રક ચાલકે વાહન ન રોકી દોડકા ટોલનાકા પહેલાં રોડની સાઈડમાં ટ્રક મૂકી ફરાર થઈ ગયો હતો. પીછો કરીને ટ્રક પાસે પોલીસે ટ્રકની તપાસ કરતાં બોક્સમાં ભરેલી વિદેશી દારૂની 1,152 પેટીઓ કિંમત રૂ.69.12 લાખ હોવાનું બહાર આવ્યું હતું. ઉપરાંત રૂ.15 લાખની ટાટા આઈશર અને દોરડા સહિત રૂ.84.19 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે ટ્રક ચાલક, દારૂ સપ્લાય કરનાર અને દારૂ મંગાવનારને વોન્ટેડ જાહેર કર્યા છે.

મેડિકલનું બહાનું કરીને જામીન માગ્યા

લિકરકિંગ લાલુ સિંધીની જામીન અરજી નામંજૂર

(પ્રતિનિધિ) વડોદરા,તા.20 ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ (GCTOC) હેઠળ નોંધાયેલા ગુનામાં કથિત લિકર કિંગ લાલચંદ ઉર્ફે લાલુ સિંધીની નિયમિત જામીન અરજી વડોદરાની ગુજસીટોક કોર્ટે નામંજૂર કરી છે. સરકાર પક્ષે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાની દલીલો અને કેસની ગંભીરતા ધ્યાને લઈ કોર્ટે જામીન અરજી ફગાવી દીધી હતી. સરકાર પક્ષે કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે લાલુ સિંધી સંગઠિત ગુનાહિત સિન્ડિકેટનો મુખ્ય સૂત્રધાર છે અને તેના વિરુદ્ધ રાજ્યના વિવિધ પોલીસ સ્ટેશનોમાં પ્રોહિબિશન સહિતના અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. અગાઉ અનેક વખત પાસા હેઠળ અટકાયત તેમજ વિવિધ ગુનાઓમાં જામીન મળ્યા છતાં તેણે ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલુ રાખી હોવાનું પણ રજૂ કરવામાં આવ્યું હતું. દલીલ દરમિયાન એવો પણ ઉલ્લેખ કરાયો હતો કે આરોપી જામીન પર મુક્ત થશે તો પુરાવા સાથે ચેડાં કરવાની, સાક્ષીઓને પ્રભાવિત કરવાની, ફરી ગેરકાયદે પ્રવૃત્તિ ફરી શરૂ કરવાની તેમજ કેસની ટ્રાયલને અસર પહોંચાડવાની સંભાવના નકારી શકાય તેમ નથી. આરોપીએ મેડિકલના આધારે જામીન માગ્યા હતા, પરંતુ સરકાર પક્ષે જેલ અને એસ.એસ.જી. હોસ્પિટલમાં પૂરતી સારવાર ઉપલબ્ધ હોવાનું તેમજ રજૂ થયેલા મેડિકલ દસ્તાવેજોમાં તાત્કાલિક સર્જરી કે ગંભીર સારવારની આવશ્યકતા ન હોવાનું કોર્ટના ધ્યાન પર દોર્યું હતું. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે લાલુ સિંધીની નિયમિત જામીન અરજી નામંજૂરનો આદેશ કર્યો હતો.

વેરો ભર્યા પછી પણ લોકો બહારથી પાણી ખરીદવા મજબૂર : મહિલાઓની સ્થિતિ દયનિય બની

વોર્ડ નં.૧૯ હિંમતનગરમાં પાણી વગર ટળવળતાં રહીશો, કોર્પોરેટરના માત્ર ઠાલા આશ્વાસનો

વડોદરાઃ સ્માર્ટ સિટી વડોદરાના વોર્ડ નંબર ૧૯ હેઠળ આવેલા હિંમતનગર વિસ્તારમાં છેલ્લા ત્રણ મહિનાથી પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઉનાળાની આકરી ગરમી અને બદલાતી ઋતુઓ વચ્ચે પણ આ વિસ્તારના લોકોને નિયમિત અને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી ન મળતાં જનજીવન પ્રભાવિત થયું છે. વહીવટી તંત્ર અને સ્થાનિક નેતાઓની ઉદાસીનતાના કારણે હિંમતનગરના નાગરિકો ટીપાં-ટીપાં પાણી માટે મોહતાજ બન્યા છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અ નુસાર, છેલ્લા ૯૦ દિવસથી વિસ્તારમાં પાણીનું સંકટ ઘેરું બન્યું છે. કોર્પોરેશન દ્વારા નિયમિત પાણી સપ્લાય કરવામાં ન આવતા અથવા તો અત્યંત ધીમા ફોર્સથી પાણી આવતા લોકોને દૈનિક વપરાશ અને પીવાના પાણી માટે ફાંફા મારવા પડી રહ્યા છે. આ પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે મધ્યમ અને શ્રમિક વર્ગના પરિવારોને દરરોજ બહારથી પીવાનું ચોખ્ખું પાણી ખરીદવા માટે મજબૂર થવું પડ્યું છે. જે નાગરિકો વેરો ભરી રહ્યા છે, તેઓએ હવે પોતાના ઘરનું બજેટ બગાડીને રોજબરોજ પાણી માટે વધારાનો ખર્ચ કરવો પડી રહ્યો છે, જેના લીધે તેમની આર્થિક સ્થિતિ પર પણ માઠી અસર પડી રહી છે. પાણીની આ તીવ્ર અછતનો સૌથી મોટો ભોગ સ્થાનિક મહિલાઓ બની રહી છે. ઘરકામ અને પરિવારની પ્રાથમિક જરૂરિયાતો સંતોષવા માટે મહિલાઓને વહેલી સવારથી જ પાણી માટે આમતેમ વલખાં મારવાનો વારો આવ્યો છે. દૂર-દૂરથી પાણી ભરીને લાવવું અથવા ટેન્કરોની રાહ જોઈને કલાકો સુધી ઊભા રહેવું એ હવે હિંમતનગરની મહિલાઓની રોજની દિનચર્યા બની ગઈ છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે, આ ગંભીર જળસંકટ અંગે તેઓએ સ્થાનિક કોર્પોરેટર અને વડોદરા મહાનગરપાલિકાના સબંધિત અધિકારીઓને અવારનવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. જો કે, દર વખતે કોર્પોરેટર તરફથી માત્ર મીઠા આશ્વાસનો અને વચનો જ આપવામાં આવે છે. વારંવારની રજૂઆતો છતાં સમસ્યાનો કોઈ કાયમી અને નક્કર ઉકેલ હજુ સુધી લાવવામાં આવ્યો નથી. સ્થાનિક જનતામાં હવે એવો ગણગણાટ શરૂ થયો છે કે ચૂંટણી સમયે મતો માંગવા આવતા જનપ્રતિનિધિઓ મુશ્કેલીના સમયે માત્ર ઠાલા વચનો આપીને ગાયબ થઈ જાય છે.

પાર્કિંગ અને ગેરકાયદેસર કેબને લઈને રોષ

વડોદરા એરપોર્ટ પર ટેક્સી ચાલકો દ્વારા વિરોધ પ્રદર્શન

(પ્રતિનિધિ) વડોદરા,તા.20 વડોદરા એરપોર્ટ બહાર ટેક્સી ચાલકોએ પોતાની વિવિધ માંગણીઓને લઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. મોટી સંખ્યામાં એકત્ર થયેલા ચાલકોએ એરપોર્ટ તંત્ર અને સરકાર સામે સૂત્રોચાર કર્યા હતા. એરપોર્ટ પર વિરોધ કરનાર ચાલકોનો આક્ષેપ છે કે એરપોર્ટ પર પૂરતી જગ્યા હોવા છતાં ટેક્સીઓ માટે માત્ર મર્યાદિત પાર્કિંગની જ વ્યવસ્થા છે. જેના કારણે ટેક્સીઓ એરપોર્ટ બહાર ઉભી રાખવી પડે છે અને ટ્રાફિક પોલીસ દ્વારા ઈ-મેમો પણ આપવામાં આવે છે. મુસાફરોને લેવા-મૂકવા જતી ટેક્સીઓ પાસેથી પાર્કિંગના નામે વધારાના ચાર્જ વસૂલવામાં આવે છે. જેનો બોજ સીધો ડ્રાઈવર અને મુસાફરો પર પડે છે. ઓનલાઈન કંપનીઓ વ્હાઈટ પ્લેટવાળી ખાનગી ગાડીઓ અને બાઈક ટેક્સી દ્વારા ગેરકાયદેસર પરિવહન કરાવે છે. તેના કારણે નિયમિત ટેક્સી ચાલકોની આવક ઘટી રહી છે. ઓનલાઈન કંપનીઓ ઓછા ભાડે સેવા આપતા હોવાથી તેઓ ટેક્સ, ઈન્સ્યોરન્સ અને આરટીઓ ફી ભરીને પણ પરવડી શકતા નથી. વિરોધ કરતા ટેક્સી ચાલકોએ માંગ કરી છે કે એરપોર્ટ પર ટેક્સીઓ માટે મફત અને પૂરતી પાર્કિંગ સુવિધા આપવામાં આવે.

કૌભાંડ વોર્ડ-18ના ગ્રૂપમાં ગઈ ચૂંટણીમાં લાખોની ગેરરીતિના આક્ષેપો : કુણાલ જોશી અને નરેન્દ્રભાઈ સામે પક્ષના જ સાથી કાર્યકરનો મોરચો

માંજલપુર પેટાચૂંટણી સમયે વિવાદી 'ચેટ વાયરલ'

(પ્રતિનિધિ) વડોદરા,તા.20 માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીનો રાજકીય માહોલ ગરમાયો છે ત્યારે તાજેતરમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વ્હોટ્સએપ પર 'WARD 18' નામના વ્હોટ્સએપ ગ્રૂપમાં મીકીન પટેલ નામના એક સભ્ય દ્વારા સવારના સમયે બે અત્યંત વિવાદિત મેસેજ મૂકવામાં આવ્યા હતા, જેણે જૂના જખમ લીલા કરી દીધા છે. આ મેસેજમાં તેમણે એપ્રિલ ૨૦૨૬ના ચૂંટણી ફંડ અને બૂથ મેનેજમેન્ટના નાણાં તરફ ઈશારો કરતા સીધો જ આક્ષેપ કર્યો કે, "જેટલા પણ બૂથ પ્રમુખ છે એમને એક જ વાત કહું, ચૂંટણી પહેલાં પૈસા લઈ લેજો, કેમ કે કુણાલ જોશી ને નરેન્દ્ર ભાઈ આપણા પૈસા ખાઈને બેઠા છે." આટલેથી જ ન અટકતાં, તેમણે થોડી મિનિટો બાદ બીજો મેસેજ કરીને ગંભીર આરોપ લગાવ્યો હતો કે, "કુણાલ જોશી ને નરેન્દ્ર ભાઈએ આશરે રૂ. ૩ થી ૩.૫૦ લાખનો મોટો ગોટાળો કર્યો છે." રાજકીય વિશ્લેષકોના મતે, આ આક્ષેપો સીધા એપ્રિલ ૨૦૨૬માં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણી સમયના છે, જેમાં બૂથ પ્રમુખોને વહેંચવાના થતા નાણાંમાં મોટી ગેરરીતિનો ગણગણાટ કાર્યકરોમાં લાંબા સમયથી હતો. હવે પેટાચૂંટણીના સમયે આ ચેટ વાયરલ થતાં ખેંચતાણ અને આર્થિક વિવાદો સપાટી પર આવી ગયા છે. સ્થાનિક સ્વરાજના ઈલેક્શનમાં દિવસ-રાત એક કરનારા બૂથ પ્રમુખોના હકના નાણાં ઓળવી જવાના આ આક્ષેપોને કારણે પેટાચૂંટણીના વર્તમાન બૂથ પ્રમુખો તેમજ ભાજપના હોદ્દેદારોમાં તીવ્ર અસંતોષ અને વિવાદનો પડછાયો પડી ગયો છે.



'સ્થાનિક સ્વરાજ'ના હિસાબો બાકી, ત્યાં નવી ચૂંટણી નડશે?

રાજકીય વર્તુળોમાં ચર્ચાતી વિગતો મુજબ, એપ્રિલ ૨૦૨૬માં જ્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાઈ ત્યારે વોર્ડ સ્તરે બૂથના સંચાલન માટે લાખો રૂપિયાનું ફંડ ફાળવવામાં આવ્યું હતું. વ્હોટ્સએપ ગ્રૂપમાં વાયરલ થયેલી ચેટ સાબિત કરે છે કે તે સમયે થયેલો આશરે રૂ. ૩.૫૦ લાખનો આર્થિક ગોટાળો કાર્યકરોના મનમાં હજુ પણ ઘર કરી ગયો છે. પેટાચૂંટણીના ટાણે જ બૂથ પ્રમુખોના હકના નાણાં વગદારો ચાવી ગયા હોવાનો આ આક્ષેપ જો સાચો સાબિત થાય, તો પક્ષના પાયાના કાર્યકરો ચૂંટણીની કામગીરીથી અળગા રહી શકે છે, જે મોટું નુકસાન કરાવી શકે છે.

"રૂપિયા ૧૫ હજાર વધારાના ન આપતાં બદનામ કરવાનું કાવતરું ઘડાયું": નરેન્દ્ર પટેલ

"અમારી સામે સોશિયલ મીડિયા પર જે ચેટ વાયરલ કરવામાં આવી છે તે તદ્દન ખોટી અને બદનામ કરવાના ઇરાદાથી ઘડાયેલું કાવતરું છે. જે વ્યક્તિએ આ પોસ્ટ વાયરલ કરી છે, તેમણે ચૂંટણીના નિયમ મુજબના ખર્ચા ઉપરાંત અમારી પાસે વધારાના રૂ. ૧૫,૦૦૦ ની માંગણી કરી હતી. અમે આ ખોટા નાણાં આપવાની સદંતર ના પાડી દીધી, બસ એ જ કિન્નાખોરી રાખીને અમને રાજકીય રીતે નુકસાન પહોંચાડવા માટે આ પાયાવિહોણા આક્ષેપો કરવામાં આવ્યા છે."

આક્ષેપો પાયાવિહોણી છે અને રાજકીય ષડયંત્રનો જ એક ભાગ : કુણાલ જોષી

આ અંગે કુણાલ જોષીએ જણાવ્યું હતું કે, "વ્હોટ્સએપ ગ્રૂપમાં વાયરલ થયેલી ચેટ અને તેમાં મારી સામે લગાવવામાં આવેલા નાણાકીય ગેરરીતિના તમામ આક્ષેપો સદંતર ખોટા છે. આ વાતમાં કોઈ જ તથ્ય નથી. પેટાચૂંટણીના માહોલમાં માત્રને માત્ર કોઈ રાજકીય કારણોસર પક્ષ અને અમારી છબી ખરડાવવાના ઇરાદાથી આ વિવાદ ઊભો કરવામાં આવ્યો છે. એપ્રિલ ૨૦૨૬ની ચૂંટણીના નામે સોશિયલ મીડિયા પર જે વાતો વહેતી કરાઈ છે તે પાયાવિહોણી છે અને રાજકીય ષડયંત્રનો જ એક ભાગ છે."

ચેટ મારી છે ,આરોપો અક્ષરશઃ સાચા છે, હકના નાણાં ઓળવી જવાયા છે: મીકીન પટેલ

"સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી 'WARD 18' ગ્રૂપની ચેટ મેં જ લખી છે અને તેમાં કરવામાં આવેલા આક્ષેપો અક્ષરશઃ સાચા છે. આશરે ત્રણ મહિના પહેલાં એટલે કે એપ્રિલ ૨૦૨૬ની ચૂંટણી વખતે બૂથ પ્રમુખો અને ઉપપ્રમુખો માટે જે ફંડ આવ્યું હતું, તેમાં મોટું નાણાકીય કૌભાંડ આચરવામાં આવ્યું છે. જે પાયાના કાર્યકરો અને બૂથ પ્રમુખોને આ રૂપિયા મળવાપાત્ર હતા, તેમના સુધી એક રૂપિયો પણ પહોંચ્યો નથી. કુણાલ જોશી અને નરેન્દ્રભાઈ બૂથ પ્રમુખોના હકના અંદાજે રૂ. ૩ થી ૩.૫૦ લાખ સેરવી ગયા છે. કાર્યકરોની મહેનતના નાણાં ઓળવી જવાની આ ગેરરીતિ સામે મારો વિરોધ છે અને હું મારી વાત પર મક્કમ છું."

ધારાસભ્ય-પૂર્વ ધારાસભ્યના જૂથો સામસામે આવતાં બળવાની સ્થિતિ

ભાજપની જૂથબંધી ચરમસીમાએ: કરજણ APMCની ચૂંટણી છેલ્લી ઘડીએ મુલતવી

(પ્રતિનિધિ) વડોદરા,તા.20 કરજણ APMCના ચેરમેન અને વાઇસ ચેરમેનની લાંબા સમયથી પડતર ચૂંટણી ભાજપની આંતરિક જૂથ બંધીને કારણે છેલ્લી ઘડીએ મુલતવી રાખવામાં આવી છે. વર્તમાન ધારાસભ્ય અક્ષય પટેલ અને પૂર્વ ધારાસભ્ય સતીશ નિશાળિયા વચ્ચે ચાલી રહેલી ખેંચતાણમાં બહુમતી સભ્યો પક્ષના આદેશ સામે બળવો કરવા તૈયાર થતાં શાસક પક્ષે પીછેહઠ કરવી પડી છે.પ્રથમ ટર્મ દરમિયાન જયદીપસિંહ ચૌહાણ ચેરમેન હતા. શરૂઆતમાં તેઓ નિશાળિયા જૂથ સાથે હતા, પણ બાદમાં ધારાસભ્ય અક્ષય પટેલ સાથે જોડાયા. પટેલના પ્રયાસોથી જયદીપસિંહને જિલ્લા ભાજપ મહામંત્રીનું પદ પણ મળ્યું. પ્રથમ ટર્મ પૂરી થયા બાદ બંને નેતાઓ વચ્ચેના આંતરિક વિવાદને કારણે બીજી ટર્મની ચૂંટણી લંબાઈ રહી હતી.ધારાસભ્ય અક્ષય પટેલ જિલ્લા મહામંત્રી જયદીપસિંહ ચૌહાણને ફરી ચેરમેન બનાવવા માંગતા હતા. સામે પક્ષે નિશાળિયા જૂથે "એક વ્યક્તિ, એક હોદો"ના સિદ્ધાંત સાથે વિરોધ નોંધાવ્યો. તેમની સાથે જોડાયેલા બહુમતી સભ્યોએ ચીમકી આપી કે જો જયદીપસિંહને રીપીટ કરવામાં આવશે તો તેઓ પક્ષ સામે ખુલ્લો બળવો કરશે.20મી જુલાઈએ ચૂંટણી યોજાવાની હતી. મેન્ડેટ જાહેર થાય તે પહેલાં જ બહુમતી સભ્યોએ ધારાસભ્ય જૂથના ઉમેદવાર સામે મોરચો માંડી દીધો. ચૂંટણી સ્થળે સર્જાયેલી તંગદિલી અને પક્ષની આબરૂ બચાવવા માટે જિલ્લા સહકારી રજિસ્ટ્રારે છેલ્લી ઘડીએ ચૂંટણી મુલતવી રાખી દીધી.આ ઘટનાથી વડોદરા જિલ્લા ભાજપમાં ચાલતો આંતરિક જૂથવાદ ફરી જાહેરમાં આવ્યો છે. હવે આ વિવાદ કયું નવું સ્વરૂપ લે છે તેના પર સૌની નજર છે.